GJBK180016012021

Presented on : 20-03-2021
Registered on : 20-03-2021
Decided on : 25-03-2026
Duration : 5 years, 0 months, 5 days

EX.96

## સ્પેશ્યલ (એટ્રો) જજ અને છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ કોર્ટ, ડીસા

**સ્પેશ્યલ (એટ્રો) કેસ નં.૦૮/૨૦૨૧**

**ફરીયાદી** :- શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપી** :- (૧) **કરમશીભાઈ ખેંગારભાઈ રબારી**
ઉ.વ.૪૮, ધંધો- ખેતી,
(૨) **કમળાબેન ઉર્ફે કમુબેન કરમશીભાઈ રબારી**
ઉ.વ.૪૫, ધંધો-ઘરકામ,
બંને રહે. બુકોલી,
તા. કાંકરેજ, જી.બનાસકાંઠા.

ગુન્હો : શિહોરી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૯૮૭/૨૦૨૦, ઈ.પી.કો.કલમ-૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ- ૩(૧)આર એસ, ૩(૨),૫(અ) મુજબ

| | |
|---|---|
| ફરીયાદપક્ષે વિ.એ.જી.પી. | શ્રી એસ.કે.જોશી |
| ફરીયાદપક્ષે વિ.વ. | શ્રી એસ.જી.ભસાડીયા |
| આરોપીઓ તરફે વિ.વ. | શ્રી એમ.એલ.દેસાઇ |

## -: ઠરાવ :-

૦૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીના દાદા લલ્લુભાઈ ખેમાભાઈ શ્રીમાળી નાઓને સરકારશ્રીએ બુકોલી તા. કાંકરેજ ગામની સીમમાં ખેતીની ૧૮-૧૬ ગુઠા જમીન નવી અને અવિભાજીત સત્તા પ્રકારે ૧૯૭૦ માં ગ્રાન્ટ કરેલ હતી, જે જમીન પૈકી ૯-૦૮ ગુઠા જમીન આરોપી કરમશીભાઈ ખેંગારભાઈ રબારીના પિતાને ફરીયાદીના પિતા તથા કાકા વિગેરે નાઓએ તા.૦૨/૦૭/૧૯૭૯ ના રોજ વેચાણ દજોશી સ્તાવેજથી વેચાણ કરેલ હતી, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ હતી. આ જમીન નવી શરતની હોય તે કારણસર શરતભંગ થતાં રેવન્યુ રેકર્ડે નોંધ રદ થયેલ, તે પછી જુદાજુદા તબકકે આરોપી કરમશીભાઈ ખેંગારભાઈ રબારીના પિતાએ રીવીજન અરજીઓ દાખલ કરેલ હતી. આમ જમીન બાબતે વિવાદ શરુ થયેલ હતો અને વિવાદ ચાલુ હતો, તે દરમીયાન તા.૯/૧૨/૨૦૨૦ ના રોજ કલાક.૧૫:૧૫ વાગ્યાના સુમારે આરોપીઓએ ઉપરોકત જમીન ઉપર નવીન બોરનું રીંગ મશીન દવારા કામ ચાલુ કરાવતા આ કામના સાહેદ શાંતાબેન કિશનભાઈ શ્રીમાળી નાઓ કહેવા જતા, આરોપીઓએ સાહેદ શાંતાબેનને ભુંડી ગાળો બોલી, ગડદાપાટુંનો માર મારી, ફરીયાદી તથા સાહેદ શાંતાબેન તથા લક્ષ્મીબેન નાઓને ગાળો બોલી, જાહેરમાં "ઢેઢા ગરોડા" જેવા જાતી અપમાનીત શબ્દો બોલી, આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ગુનાહીત ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ. જે બનાવની ફરીયાદ ફરીયાદીએ શિહોરી પો.સ્ટે.માં આપતા તે શિહોરી પો.સ્ટે.ફ.ગુ. ર. નં. ૯૮૭/૨૦૨૦, ઇ.પી.કો. કલમ-૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)આર એસ, ૩(૨),૫(અ) મુજબ નોંધવામાં આવેલ, તપાસનીશ અધિકારીએ ગુનાની તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ રજુ કરતા, સદર

નંબરથી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

૦૨. આ કામે આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ પોતાના વિ.વ.શ્રી મારફત અદાલતમાં ઉપસ્થીત રહેતા, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ, મારા પુરોગામીશ્રી દવારા આરોપીઓ વિરુધ્ધ સદર ગુનાઓ સબબ આંક–૨૫ થી તહોમતનામું ફરમાવી, આંક–૨૬ થી આંક–૨૭ સુધીના જવાબ રેકર્ડ કરતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરી, કેસની કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા, ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

૦૩. આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

| ક્રમ | મૌખિક/દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી, રામજીભાઈ નાગરભાઈ શ્રીમાળી | ૩૪ |
| ૨. | ફરીયાદ | ૩૫ |
| ૩. | જાતિનો દાખલો | ૩૬ |
| ૪. | પંચ, બાદરસિંહ મદારજી સોલંકી | ૩૯ |
| ૫. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૪૦ |
| ૬. | પંચ, કપુરસિંહ ઘેમરીસંહ સોલંકી | ૪૧ |
| ૭. | સાહેદ, હરેશભાઈ કિશનભાઈ શ્રીમાળી | ૪૨ |
| ૮. | સાહેદ, ડો.દેવેન્દ્ર નગીનદાસ પરમાર | ૫૦ |
| ૯. | એમ.એલ.સી.નં.૩૬૪/૨૦૨૦ વાળુ સર્ટીફીકેટ | ૫૧ |
| ૧૦. | સર્ટી મેળવવાની યાદી | ૫૨ |
| ૧૧. | સાહેદ, ત્રિકમભાઈ હરજીવનભાઈ પરમાર | ૫૫ |
| ૧૨. | ગુના રજીસ્ટર કરવા બાબતનો રીપોર્ટ | ૫૬ |
| ૧૩. | વાયરલેસ મેસેજ | ૫૭ |
| ૧૪. | સાહેદ, કનોજભાઈ મણીલાલ પારઘી | ૫૮ |
| ૧૫. | એફ.આઈ.આર. | ૫૯ |
| ૧૬. | સુચિપત્ર | ૬૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ | ૬૧ |
| ૧૮. | સાહેદ, લક્ષ્મીબેન કિશનભાઇ શ્રીમાળી | ૬૩ |
| ૧૯. | સાહેદ, શાંતાબેન કિશનભાઇ શ્રીમાળી | ૬૫ |
| ૨૦. | ત.ક.અ.,વિધીનકુમાર કિશોરચંદ્ર પંડયા | ૬૭ |

૦૪. આ કામે બચાવપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

| ક્રમ | મૌખિક/દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | ક્રિમી કેસ નં.૮૮૦/૨૦૨૪ ના ફેરીસ્ટ અને ફરીયાદ | ૭૮ |
| ૨. | રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૨૨૮/૧૯૭૯ ની નકલ | ૭૯ |
| ૩. | રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૨૨૮/૧૯૭૯ ની નકલ | ૮૦ |
| ૪. | યુ.જી.વી.સી.એલ. શિહોરીનો પત્ર | ૮૧ |
| ૫. | બુકોલી ગામના સર્વે નં.૩૩૫/૧ પી.૨ના ૭/૧૨ ના ઉતારા | ૮૨ |
| ૬. | નામ.ગુજરાત હાઇકોર્ટ સ્પે.સિવિલ એપ્લીકેશન નં.૧૬૬૧૧/૨૦૨૦ નો હુકમ | ૮૩ |
| ૭. | નવો સર્વે નં.૬૮૬ ના કામે નોંધનું સાંકળીયુ. | ૮૪ |
| ૮. | મે.કલકેટર સા.બનાસકાંઠા સમક્ષ દાખલ કરેલ લેન્ડ ગ્રેબીંગની અરજીના કામનું પ્રોસીડીંગ | ૮૫ |
| ૯. | મે.કલેકટર સા.બનાસકાંઠાનો તા.૧૦/૩/૨૦૨૧ નો હુકમ | ૮૬ |
| ૧૦. | શ્રીમાળી કિશનભાઇ નાગરભાઇની તા.૧૦/૭/૯૨ ની અરજી | ૮૭ |
| ૧૧. | રામજીભાઇ નાગરભાઇ શ્રીમાળીની તા.૧૭/૧૨/૨૦૨૦ ની અરજી | ૮૮ |
| ૧૨. | મામલતદારશ્રી શિહોરીનો તા.૩૦/૩/૨૦૨૪ નો પત્ર | ૮૯ |
| ૧૩. | મામલતદારશ્રી શિહોરીનો તા.૨૭/૩/૨૦૨૪ નો પત્ર | ૯૦ |
| ૧૪. | શિહોરી પો.સ્ટે. નો જાવક નં.૫૯૭/૨૦૨૪ નો પત્ર | ૯૧ |
| ૧૫. | મામલતદારશ્રી શિહોરીએ તા.૩૦/૩/૨૦૨૪ ના રોજ આપેલ નોટીસ | ૯૨ |

| | | |
|---|---|---|
| ૧૬. | મામલતદારશ્રી શિહોરીનો દબાણ કેસ રજી. નં.૬/૨૦૨૪ | ૯૩ |
| ૧૭. | ગુજરાત સરકાર મહેસુલ વિભાગ સચિવાલય ગાંધીનગરનો તા.૧૦/૭/૨૦૧૭ નો પરીપત્ર | ૯૪ |

૦૫. આ કામે ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતા, આરોપીનો ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ જવાબ નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ઈન્કારીયતનો બચાવ લીધેલ છે, જાતે જુબાની આપવી નથી, બચાવમાં સાહેદ તપાસવા નથી, પોતે નિર્દોષ છે, કોઇ ગુનો કરેલ નથી, ખોટી ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે.

૦૬. આ કામે ફરીયાદપક્ષે વિ.વ.શ્રીએ આંક–૭૨ થી લેખિત દલીલો રજુ કરેલ છે. તેમાં તેઓએ ફરીયાદીપક્ષે રજુ થયેલ પુરાવાનું વર્ણન કરી જણાવેલ છે કે ફરીયાદપક્ષના સાહેદોની ઉલટ તપાસમાં બચાવપક્ષ કોઈ વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવી શકતા નથી પરંતુ જમીનની અદાવતના કારણે બનાવ બનેલાની કબુલાત આવે છે. તેઓ આંક – ૩૪ અને ૩૬ અને ૩૦ તથા ૪૧ અને ૪૨ અને ૬૫ અને ૬૩ અને ૫૫ અને ૫૦ અને ૫૧ અને ૫૮ અને ૬૭ અને અન્ય રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખી જણાવે છે કે આરોપીઓનો બચાવ એવો છે કે ફરીયાદપક્ષે આ અગાઉ પણ તેઓના વિરૂધ્ધ આ જ પ્રકારની ફરીયાદ કરેલી પરંતુ તેના પુરાવા રજુ કરેલા નથી. તેઓની વધુ રજુઆત છે કે આ કામના આરોપીઓએ ખોટો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ સબંધી તેની ગામ દફતરે નોંધ નં.૧૧૧૫ પડાવેલી, જે નોં ધ નામંજૂર થયેલી અને હાલના આરોપીઓએ કુલ ૨૦ લીટીગેશન જુદી જુદી જગ્યાએ કરેલા અને તે રદ થયેલ છે અને હજુ કેટલાક લીટીગેશન નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ચાલુ છે. તેઓની રજુઆત

છે કે આરોપીઓ સામે ગુન્હો રજુ કરેલા પુરાવા આધારે પુરવાર થતો હોય આરોપીઓને સજા કરી ફરીયાદીને વળતર અપાવવા માંગણી કરેલ છે.

૦૭. આ કામે બચાવપક્ષે વિ.વ.શ્રી એમ.એલ.દેસાઈએ આંક–૯૫ થી લેખિત દલીલો રજુ કરેલ છે. તેઓએ પોતાની દલીલમાં રજુ થયેલા પુરાવાની નોંધ બનાવી અને જણાવેલ છે કે આંક – ૩૪ ની જુબાનીમાં ફરીયાદી પોતાની સરતપાસમાં જે હકીકતો જણાવે છે તેની સામે ઉલટ તપાસ જોવામા આવે તો ફરીયાદી અને તેના કુટુંબી વારંવાર એટ્રોસીટીની ફરીયાદો કરવાની ટેવા વાળા છે, તેઓએ આરોપીઓ અને તેઓના જાણીતાઓ વિરૂધ્ધ સને ૧૯૯૬ થી ફરીયાદ કરવાનું શરૂ કરેલ છે. તેઓએ પોતાની દલીલમાં શિહોરી ફર્સ્ટ ગુ.ર.નં.૮૨/૯૭, ૬૫/૯૯, ૯/૯૬, ૬૧/૨૦૦૪, ૦૨/૨૦૨૪ જેના અનુસંધાને હાલની કોર્ટમાં કેસ ૩૧/૨૦૨૪ પેંડીંગ છે અને ગ.ર.નં.૫૮/૨૪ જેના અનુસંધાને કેસ નં.૬/૨૪ પણ આ કોર્ટમાં પેં ડીંગ છે. તે સવાય અન્ય ગુન્હામાં તેઓ નિર્દોષ છુટેલા છે. તેઓની વધુ રજુઆત છે કે બનાવનું કારણ આરોપીઓના પિતાએ જમીન સ.નં.૩૩૫/૧ તા.૨/૭/૧૯૭૯ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી તેના માલિક ખાનાભાઈ લલ્લુભાઈ, નાગરભાઈ લલ્લુભાઈ, ઘરમાભાઈ લલ્લુભાઈ, બબાભાઈ લલ્લુભાઈ જે ફરીયાદીના વડવા છે તેની પાસેથી ૯ એકર જમીન પુરો અવેજ આપી વેચાણ રાખેલી અને વેચા નોંધ નં.૧૧૧૫ પડાવેલી અને તેનો કબજો પણ આરોપીઓ પાસે હતો અને નવો બોર બનાવવા ડ્રિલીં ગ મશીન લઈ જતા બનાવ બનેલો. તેઓપોતાનો જમીન પરનો કબજો ૧૯૭૯ થી જણાવે છે અને જુનું ઈલેકટ્રીસીટી કનેકશન પણ આવેલ છે. તેઓએ ફરીયાદપક્ષ વારંવાર અને જુદી જુદી ઓથોરીટી પાસે ખોટી

ફરીયાદો કરતા હોવાનું જણાવે છે અને હાલ લેનડ ગ્રેબીંગની ફરીયાદ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમની સ્ક્રુટીનીને આધીન છે. તેઓની રજુઆત છે કે ફરીયાદ પક્ષના તમામ સાહેદો સગા સબંધીઓ છે, તેથી હાલના કેસમાં આરોપીઓને નિર્દોષ ઠરાવવા રજુઆતો કરેલ છે.

૦૮. આ કામે ફરીયાદપક્ષના કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થયેલ છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીના દાદા લલ્લુભાઈ ખેમાભાઈ શ્રીમાળી નાઓને સરકારશ્રીએ બુકોલી તા. કાંકરેજ ગામની સીમમાં ખેતીની ૧૮-૧૬ ગુઠા જમીન નવી અને અવિભાજીત સત્તા પ્રકારે ૧૯૭૦ માં ગ્રાન્ટ કરેલ હતી, જે જમીન પૈકી ૯-૦૮ ગુઠા જમીન આરોપી કરમશીભાઈ ખેંગારભાઈ રબારીના પિતાને ફરીયાદીના પિતા તથા કાકા વિગેરે નાઓએ તા.૦૨/૦૭/૧૯૭૯ ના રોજ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરેલ હતી, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ હતી. આ જમીન નવી શરતની હોય તે કારણસર શરતભંગ થતાં રેવન્યુ રેકર્ડે નોંધ રદ થયેલ, તે પછી જુદાજુદા તબકકે આરોપી કરમશીભાઈ ખેંગારભાઈ રબારીના પિતાએ રીવીજન અરજીઓ દાખલ કરેલ હતી. આમ જમીન બાબતે વિવાદ શરુ થયેલ હતો અને વિવાદ ચાલુ હતો, તે દરમીયાન તા.૯/૧૨/૨૦૨૦ ના રોજ કલાક.૧૫:૧૫ વાગ્યાના સુમારે આરોપીઓએ ઉપરોકત જમીન ઉપર નવીન બોરનું રીંગ મશીન દવારા કામ ચાલુ કરાવતા આ કામના સાહેદ શાંતાબેન કિશનભાઈ શ્રીમાળી નાઓ કહેવા જતા, આરોપીઓએ સાહેદ શાંતાબેનને ભુંડી ગાળો બોલી, ગડદાપાટુનો માર મારી, ફરીયાદી તથા સાહેદ શાંતાબેન તથા લક્ષ્મીબેન નાઓને ગાળો બોલી, જાહેરમાં "ઢેઢા

ગરોડા" જેવા જાતી અપમાનીત શબ્દો બોલી, આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ગુનાહીત ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, આરોપીઓએ ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ–૩(૧)આર એસ, ૩(૨), ૫(અ) મુજબના ગુના કરેલ છે ?

૨. શું હુકમ ?

૦૯. આ કામે ઉપરોકત મુદ્દાઓનો મારો ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુબજ.

–: કારણો :–

**મુદ્દા નં.૧ :–**

૧૦. આરોપીઓ સામે જે જે ગુન્હાના આક્ષેપો કરવામાં આવેલ છે તેને એક તબકકે ધ્યાને લેવામાં આવે તો આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા એટ્રોસીટી એક્ટની કલમ–૩(૧)આર એસ, ૩(૨),૫(અ) ના આક્ષેપો કરવામાં આવેલ છે. તે મુજબના શિક્ષાપાત્ર ગુન્હાને સાબીત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબના તત્વો પોતાના પુરાવાથી સાબીત કરવા પડે.

| Sr. No. | Section | Ingredients |
|---|---|---|
| A | 323 | Essential Ingredients.—An offence under section 323 has following essential ingredients:<br>(i) That the accused caused hurt to another person;<br>(ii) That he caused such hurt voluntarily; |

| | | |
|---|---|---|
| | | (iii) That such a case was not covered under section 334 the Indian Penal Code, 1860. |
| B | 294B | To establish an offence under Section 294(b), the following essential ingredients must be proven:<br>1. **Obscene Words**: The accused must have sung, recited, or uttered obscene words.<br>2. **Location**: The act must have occurred in or near a public place.<br>3. **Annoyance**: The act must have caused annoyance to others present |
| C | 506(2) | For proving an offence under Section 506 (2) of IPC prosecution is required to prove:<br>(i) that the accused threatened some person.<br>(ii) that such threats consisted of death of the person<br>(iii) that he did so with intent to cause alarm to that person, or to cause that person to do any act which he was not legally bound to do or omit to do an act which he is legally entitled to do as a means of avoiding the execution of such threat. |
| D | **3 (1)**<br>**R, S,** | Whoever, not being a member of a Scheduled Caste or a Scheduled Tribe,-<br>(r) intentionally insults or<br>- intimidates<br>- with intent to humiliate a member of a Scheduled Caste or a Scheduled Tribe |

| | | |
|---|---|---|
| | | - in any place within public view;<br>(s) abuses<br>- any member of a Scheduled Caste or a Scheduled Tribe<br>- by caste name<br>- in any place within public view; |
| E | **3(2)**<br>**(5)A** | (2) Whoever, not being a member of a Scheduled Caste or a Scheduled Tribe,<br>(va) commits any offence<br>- specified in the Schedule,<br>- against a person or property,<br>- knowing that<br>- such person is a member of a Scheduled Caste or a Scheduled Tribe or<br>- such property belongs to such member,<br>shall be punishable with such punishment as specified under the Indian Penal Code for such offences and shall also be liable to fine. |

૧૧. હાલના તબકકે ભારતીય દંડ સંહિતાની કલમ ર૯૪ બી અને કલમ ૫૦૬ (ર) તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)આર એસ, ૩(ર), ૫(અ) માટે કેટલાક કાયદાકીય માર્ગદર્શક ચુકાદાઓ ધ્યાને રાખવા પણ જરૂરી છે.

**<u>(I) Legal Position of Section 506 (2) IPC</u>**

**A.** In <u>Munsafkhan Yasinkhan Pathan and Ors. v. (The) State of Gujarat,</u> which is unreported judgment mentioned in 2002(1) G.L.H. (U.J.) 4 held that Indian Penal Code, 1860 - Sections 506(2) & 503 Criminal intimidation-Threat to cause death or grievous hurt-Necessary ingredients- Complainant should have been alarmed by the threat administered to him- Evidence indicates a clear absence of any apprehension and/or

fear so as to cause alarm to the complainant- No evidence that because of threat, complainant was unable to attend to his duties of any point of time after he lodged the complaint- Words uttered by the accused did not cause any alarm to the complainant- Offence not proved.

**B.** The same decision was referred in Pravinbhai Becherbhai Vankar vs State Of Gujarat on 3 November, 2006

**C.** Gujarat High Court in Mahasukhrai Keshavlal Joshi vs State Of Gujarat decided on 22 March, 2007 reported in 2007(2) GLH 201 held that It is settled that for making out a case of criminal intimidation under Section 506(2) of the Indian Penal Code, it must be established that the accused had an intention to cause an alarm to the complainant. Mere threat given by the accused, not with an intention to give an alarm to the complainant but with a view to deterring him from interfering with what the accused believe either about his right or other status, would not constitute an offence of criminal intimidation.

**D.** **Mohammad Wajid vs State of U P | 2023 LiveLaw (SC) 624 | 2023 INSC 683** held that "Indian Penal Code, 1860 ; Section 504 - One of the essential elements for constituting an offence under Section 504 of the IPC is that there should have been an act or conduct amounting to intentional insult. Where that act is the use of the abusive words, it is necessary to

know what those words were in order to decide whether the use of those words amounted to intentional insult. In the absence of these words, it is not possible to decide whether the ingredient of intentional insult is present. (Para 28) **Indian Penal Code, 1860 ; Section 506 - Before an offence of criminal intimidation is made out, it must be established that the accused had an intention to cause alarm to the complainant. (Para 27)**"

**E.** [2025] 2 S.C.R. 187 : 2025 INSC 105 Madhushree Datta v. The State of Karnataka & Anr held that The next question for determination is, whether the mere assertion of "filthy language" allegedly used by the appellants in scolding the complainant, is sufficient to establish commission of offences under Sections 504 and 509 of the IPC. 21. In the above context, it would be apt to consider the provisions contained in Section 504 of the IPC. 2. A perusal of Section 504 of the IPC reveals that a mere act of insulting someone does not fulfil its requirements; the insult must be of such a nature that it provokes the person insulted to breach the public peace or engage in criminal conduct. Therefore, to establish the ingredients of Section 504 of the IPC, it must be demonstrated, based on the available material, that there was intentional insult with the intent or knowledge that such insult would provoke either disturbance of the public peace or the commission of any other offence. 23. We may, at this

juncture, profitably refer to the decision of this Court in Fiona Shrikhande v. State of Maharashtra & Anr., [2013] 9 SCR 240 : AIR 2014 SC 2013 wherein Section 504 of the IPC ame up for interpretation and it was held as under : 13. Section 504 IPC comprises of the following ingredients, viz., (a) intentional insult, (b) the insult must be such as to give provocation to the person insulted, and (c) the accused must intend or know that such provocation would cause another to break the public peace or to commit any other offence. The intentional insult must be of such a degree that should provoke a person to break the public peace or to commit any other offence. The person who intentionally insults intending or knowing it to be likely that it will give provocation to any other person and such provocation will cause to break the public peace or to commit any other offence, in such a situation, the ingredients of Section 504 are satisfied. One of the essential elements constituting the offence is that there should have been an act or conduct amounting to intentional insult and the mere fact that the accused abused the complainant, as such, is not sufficient by itself to warrant a conviction under Section 504 IPC. 14. We may also indicate that it is not the law that the actual words or language should figure in the complaint. One has to read the complaint as a whole and, by doing so, if the Magistrate comes to a conclusion, prima facie, that there has been an

intentional insult so as to provoke any person to break the public peace or to commit any other offence, that is sufficient to bring the complaint within the ambit of Section 504 IPC. It is not the law that a complainant should verbatim reproduce each word or words capable of provoking the other person to commit any other offence. The background facts, circumstances, the occasion, the manner in which they are used, the person or persons to whom they are addressed, the time, the conduct of the person who has indulged in such actions are all relevant factors to be borne in mind while examining a complaint lodged for initiating proceedings under Section 504 IPC." AND This Court had the occasion to examine the ingredients of Sections 503 and 506 of the IPC in Manik Taneja and Another v. State of Karnataka & Anr.,16 where it was observed as follows: "11. xxxxxxxxxxxx A reading of the definition of 'criminal intimidation' would indicate that there must be an act of threatening to another person, of causing an injury to the person, reputation, or property of the person threatened, or to the person in whom the threatened person is interested and the threat must be with the intent to cause alarm to the person threatened or it must be to do any act which he is not legally bound to do or omit to do an act which he is legally entitled to do." 35. In the present case, the complaint does not specifically attribute any threats or intimidation to the

second accused. Therefore, ingredients of Section 506 of the IPC, prima facie, are not made out against him. The argument that the first accused acted at the behest of the second accused is untenable, as Section 34 of the IPC, which imposes vicarious liability in criminal matters, has not been applied in this case."

**(II) Section 294 (B) of IPC**

**A.** **Supreme Court in case** *N.S. Madhlagopal v. K Lalita* on OCTOBER 10, 2022 reported in 2022 LiveLaw (SC) 844 held that It is to be noted that the test of obscenity under Section 294(b) of the I.P.C. is whether the tendency of the matter charged as obscenity is to deprave and corrupt those whose minds are open to such immoral influences. The following passage from the judgment authored by Justice K.K. Mathew (as his Lordship then was) reported in P.T. Chacko v. Nainan (1967 KLT 799) explains as follows: "The only point argued was that the 1st accused has not committed an offence punishable under Section 294(b) IPC., by uttering the words above-mentioned. The courts below have held that the words uttered were obscene and the utterance caused annoyance to the public. I am not inclined to take this view. In the Queen v. Hicklin, [L.R.] 3 Q.B. 360 at 371 Cockburn C.J. Laid down the test of 'obscenity' in these words: "……. the test of obscenity is this, whether the tendency of the matter charged as

obscenity is to deprave and corrupt those whose minds are open to such immoral influences” This test has been uniformly followed in India. The Supreme Court has accepted the correctness of the test in Ranjit D. Udeshi v. State of Maharashtra, AIR 1965 SC 881. In Samuel Roth v. U.S.A., 354 US 476 (1957), Chief Justice Warren said that the test of ‘obscenity’ is the “substantial tendency to corrupt by arousing lustful desires”. Mr. Justice Harlan observed that in order to be ‘obscene’ the matter must “tend to sexually impure thoughts”. I do not think that the words uttered in this case have such a tendency. It may be that the words are defamatory of the complainant, but I do not think that the words are ‘obscene’ and the utterance would constitute an offence punishable under S. 294(b) IPC”. AND “It has to be noted that in the instance case, the absence of words which will involve some lascivious elements arousing sexual thoughts or feelings or words cannot attract the offence under Section 294(b). None of the records disclose the alleged words used by the accused. It may not be the requirement of law to reproduce in all cases the entire obscene words if it is lengthy, but in the instant case, there is hardly anything on record. Mere abusive, humiliating or defamative words by itself cannot attract an offence under Section 294(b) IPC. To prove the offence under Section 294 of IPC mere utterance of obscence words are not sufficient but there must be a further proof to

establish that it was to the annoyance of others, which is lacking in the case. No one has spoken about the obscene words, they felt annoyed and in the absence of legal evidence to show that the words uttered by the appellants accused annoyed others, it can not be said that the ingredients of the offence under Section 294 (b) of IPC is made out.

B. Gujarat High Court in Jigneshbhai Bapulal Prajapati vs State Of Gujarat on 9 May, 2024 NEUTRAL CITATION R/CR.MA/8968/2024 held that "Insofar as offence under Section 294(b) of the IPC is concerned, mere abusive, humiliating or defamative words by itself cannot attract an offence under Section 294(b) of the IPC and to prove the offence under Section 294 of IPC mere utterance of obscene words are not sufficient but there must be a further proof to establish that it was to the annoyance of others. The test of obscenity under Section 294(b) of IPC is whether the tendency of the matter charged as obscenity is to deprave and corrupt those whose minds are open to such immoral influences. In this regard reference is required to be made to the decision of the Hon'ble Supreme Court in the case of NEUTRAL CITATION R/CR.MA/8968/2024 ORDER DATED: 09/05/2024 undefined N.S. Madhanagopal & Anr. vs. K. Lalitha reported in 2022 LiveLaw (SC) 844. [9.1] Insofar as offence under Section 506(2) of the IPC alleged against the present petitioner is concerned, it is worth

to refer to the decision of the Hon'ble Apex Court in the case of Mohammad Wajid and Anr. v. State of U.P. and Ors. reported in 2023 LiveLaw (SC) 624: 2023 INSC 683, wherein it is held as follows: "Indian Penal Code, 1860; Section 506 - Before an offence of criminal intimidation is made out, it must be established that the accused had an intention to cause alarm to the complainant. (Para 27) 3 Interpretation of Statutes- All penal statutes are to be construed strictly - Court must see that the thing charged is an offence within the plain meaning of the words used and must not strain the words. (Para 19- 21)"

C. Supreme Court of India in Om Prakash Ambadkar vs The State Of Maharashtra on 16 January, 2025 reported in 2025 INSC 139 held that 14.In so far as Section 294 of the IPC is concerned, this Court in N.S. Madhanagopal and Another v. K. Lalitha reported in (2022) 17 SCC 818 has explained the true purport and scope of Section 294. We quote the relevant observations as under:- "6. Section 294(b) IPC talks about the obscene acts and songs. Section 294 IPC as a whole reads thus: "294. Obscene acts and songs.— Whoever, to the annoyance of others— (a) does any obscene act in any public place, or (b) sings, recites or utters any obscene songs, ballad or words, in or near any public place, shall be punished with imprisonment of either description for a term which may extend to three months, or with fine, or with both." 7. It is to be

noted that the test of obscenity under Section 294(b)IPC is whether the tendency of the matter charged as obscenity is to deprave and corrupt those whose minds are open to such immoral influences. The following passage from the judgment authored by K.K. Mathew, J. (as his Lordship then was) reported in P.T. Chacko v. Nainan Chacko [P.T. Chacko v. Nainan Chacko, 1967 SCC OnLine Ker 125 : 1967 KLT 799] explains as follows : (SCC OnLine Ker paras 5-6) "5. The only point argued was that the 1st accused has not committed an offence punishable under Section 294(b)IPC, by uttering the words above-mentioned. The courts below have held that the words uttered were obscene and the utterance caused annoyance to the public. I am not inclined to take this view. In R. v. Hicklin [R. v. Hicklin, (1868) LR 3 QB 360] , QB at p. 371 Cockburn, C.J. Laid down the test of "obscenity" in these words : (QB p. 371) '… the test of obscenity is this, whether the tendency of the matter charged as obscenity is to deprave and corrupt those whose minds are open to such immoral influences.…' 6. This test has been uniformly followed in India. The Supreme Court has accepted the correctness of the test in Ranjit D. Udeshi v. State of Maharashtra [Ranjit D. Udeshi v. State of Maharashtra, 1964 SCC OnLine SC 52 : AIR 1965 SC 881]. In Roth v. United States [Roth v. United States, 1957 SCC OnLine US SC 106 : 1 L Ed 2d 1498 : 354 US 476 (1957)], Chief Justice Warren said

that the test of "obscenity" is the 'substantial tendency to corrupt by arousing lustful desires'. Mr Justice Harlan observed that in order to be "obscene" the matter must "tend to sexually impure thoughts". I do not think that the words uttered in this case have such a tendency. It may be that the words are defamatory of the complainant, but I do not think that the words are "obscene" and the utterance would constitute an offence punishable under Section 294(b)IPC." 8. It has to be noted that in the instance case, the absence of words which will involve some lascivious elements arousing sexual thoughts or feelings or words cannot attract the offence under Section 294(b). None of the records disclose the alleged words used by the accused. It may not be the requirement of law to reproduce in all cases the entire obscene words if it is lengthy, but in the instant case, there is hardly anything on record. Mere abusive, humiliating or defamative words by itself cannot attract an offence under Section 294(b) IPC. 9. To prove the offence under Section 294IPC mere utterance of obscene words are not sufficient but there must be a further proof to establish that it was to the annoyance of others, which is lacking in the case. No one has spoken about the obscene words, they felt annoyed and in the absence of legal evidence to show that the words uttered by the appellant- accused annoyed others, it cannot be said that the ingredients of the offence under Section

294(b)IPC is made out." 15.We fail to understand how the act of a police officer assaulting the complainant within public view or public as alleged would amount to an obscene act. Obscene act for the purpose of Section 294 has a particular meaning. Mere abusive, humiliating or defamatory words by themselves are not sufficient to attract the offence under Section 294 of the IPC.

## (III) For SC/ST ACT

**A.** Hon'ble Supreme Court in case of KESHAW MAHTO @ KESHAW KUMAR MAHTO VERSUS STATE OF BIHAR & ANR. Reported in 2026 LiveLaw (SC) 62 held that "11. This Court in Shajan Skaria v. The State of Kerala & Anr., 2024 SCC OnLine SC 2249, laid down the ingredients to constitute an offence under Section 3(1)(r) of the SC/ST Act. It reads thus:- "55. The basic ingredients to constitute the offence under Section 3(1)(r) of the Act, 1989 are: a. Accused person must not be a member of the Scheduled Caste or Scheduled Tribe; b. Accused must intentionally insult or intimidate a member of a Scheduled Caste or Scheduled Tribe; c. Accused must do so with the intent to humiliate such a person; and d. Accused must do so at any place within public view." (Emphasis supplied) 12. Section 3(1)(r) is attracted where the reason for the intentional insult or intimidation by the accused is that the person who

is subjected to is a member of a Scheduled Caste or a Scheduled Tribe. In other words, the offence under Section 3(1)(r) cannot stand merely on the fact that the informant/complainant is a member of a Scheduled Caste or a Scheduled Tribe, unless the insult or intimidation is with the intention to humiliate such a member of the community. 13. To put it briefly - first, the fact that the complainant belonged to a Scheduled Caste or a Scheduled Tribe would not be enough. Secondly, any insult or intimidation towards the complainant must be on the account of such person being a member of a Scheduled Caste or a Scheduled Tribe. 14. With a view to dispel any doubt and lend clarity, we deem it appropriate to mention that even mere knowledge of the fact that the complainant is a member of a Scheduled Caste or a Scheduled Tribe is not sufficient to attract Section 3(1)(r). 15. Further, for an offence to be made out under Section 3(1)(s), merely abusing a member of a Scheduled Caste or a Scheduled Tribe would not be enough. At the same time, saying caste name would also not constitute an offence. 16. In other words, to constitute an offence under Section 3(1)(s) it would be necessary that the accused abuses a member of a Scheduled Caste or a Scheduled Tribe "by the caste name" in any place within public view. Thus, the allegations must reveal that abuses were laced with caste name, or the caste name had been hurled as an abuse. 17. What appears

from the aforesaid is the element of humiliation is present in Section 3(1)(s) as well. It has to be gathered from the intentional insult towards the caste, and the content. The content under Section 3(1)(s) are the abuses hurled at a person belonging to a Scheduled Caste or a Scheduled Tribe. However, the intent with which the abuses were hurled must be found to be denigrating towards the caste, resulting into a feeling of caste-based humiliation."

B. Supreme Court of India in case of Karuppudayar vs State Rep. By The Deputy Superintendent ... on 31 January, 2025 reported in 2025 INSC 132 held that 9. A perusal of Section 3(1)(r) of the SC-ST Act would reveal that for constituting an offence thereunder, it has to be established that the accused intentionally insults or intimidates with intent to humiliate a member of a Scheduled Caste or a Scheduled Tribe in any place within public view. Similarly, for constituting an offence under Section 3(1)(s) of the SC-ST Act, it will be necessary that the accused abuses any member of a Scheduled Caste or a Scheduled Tribe by caste name in any place within public view.

C. Supreme Court of India in Khuman Singh vs The State Of Madhya Pradesh on 27 August, 2019 reported in AIR 2019 SUPREME COURT 4030, AIRONLINE 2019 SC 929 held that "13. In Dinesh alias Buddha v. State of Rajasthan (2006) 3 SCC 771, the Supreme Court held as under:- "15. Sine qua non for application

of Section 3(2) (v) is that an offence must have been committed against a person on the ground that such person is a member of Scheduled Castes and Scheduled Tribes. In the instant case no evidence has been led to establish this requirement. It is not case of the prosecution that the rape was committed on the victim since she was a member of Scheduled Caste. In the absence of evidence to that effect, Section 3(2)(v) of the Atrocities Act been applicable then by operation of law, the sentence would have been imprisonment for life and fine. 14. As held by the Supreme Court, the offence must be such so as to attract the offence under Section 3(2)(v) of the Act. The offence must have been committed against the person on the ground that such person is a member of Scheduled Caste and Scheduled Tribe. In the present case, the fact that the deceased was belonging to "Khangar"- Scheduled Caste is not disputed. There is no evidence to show that the offence was committed only on the ground that the victim was a member of the Scheduled Caste and therefore, the conviction of the appellant-accused under Section 3(2)(v) of the Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act is not sustainable."

**D.** Supreme Court of India in Hitesh Verma vs The State Of Uttarakhand on 5 November, 2020 reported AIR 2020 SUPREME COURT 5584, AIRONLINE 2020 SC 812 held that “12. The basic ingredients of the offence under Section 3(1)(r) of the Act can be

classified as “1) intentionally insults or intimidates with intent to humiliate a member of a Scheduled Caste or a Scheduled Tribe and 2) in any place within public view”. 13. The offence under Section 3(1)(r) of the Act would indicate the ingredient of intentional insult and intimidation with an intent to humiliate a member of a Scheduled Caste or a Scheduled Tribe. All insults or intimidations to a person will not be an offence under the Act unless such insult or intimidation is on account of victim belonging to Scheduled Caste or Scheduled Tribe. The object of the Act is to improve the socio-economic conditions of the Scheduled Castes and the Scheduled Tribes as they are denied number of civil rights. Thus, an offence under the Act would be made out when a member of the vulnerable section of the Society is subjected to indignities, humiliations and harassment. The assertion of title over the land by either of the parties is not due to either the indignities, humiliations or harassment. Every citizen has a right to avail their remedies in accordance with law. Therefore, if the appellant or his family members have invoked jurisdiction of the civil court, or that respondent No.2 has invoked the jurisdiction of the civil court, then the parties are availing their remedies in accordance with the procedure established by law. Such action is not for the reason that respondent No.2 is member of Scheduled Caste. 14. Another key ingredient of the

provision is insult or intimidation in "any place within public view". What is to be regarded as "place in public view" had come up for consideration before this Court in the judgment reported as Swaran Singh & Ors. v. State through Standing Counsel & Ors. (2008) 8 SCC 435. The Court had drawn distinction between the expression "public place" and "in any place within public view". It was held that if an offence is committed outside the building e.g. in a lawn outside a house, and the lawn can be seen by someone from the road or lane outside the boundary wall, then the lawn would certainly be a place within the public view. On the contrary, if the remark is made inside a building, but some members of the public are there (not merely relatives or friends) then it would not be an offence since it is not in the public view."

૧૨. આ કામે ફરીયાદપક્ષે કરવામાં આવેલ ફરીયાદ જોવામાં આવે તો બનાવ તેમના ખેતરમાં ફરીયાદી, તેના ભાભી શાંતાબેન અને તેમની દિકરી લક્ષ્મી જયારે રજકો વાઢતા હતા ત્યારે આરોપીઓ તેમના ખેતરમાં બોર કરવા મશીન લાવેલા અને તેના ખેતરમાં ખાડા કરતા હોય તેના ભાભી આ બાબતે તેમને કહેવા ગયેલા અને થોડીવારમાં તેના ભાભીએ બુમાબુમ કરતા ફરીયાદી અને તેની ભત્રીજી લક્ષ્મી ત્યાં જતા આરોપીઓ તેમના ભાભીને માર મારતા હતા અને ગળાથી પકડી લીધેલ હોય તેઓને હાથ જોડી કરી ભાભીને છોડાવેલ અને આરોપીઓ મા–બેન સામે ગાળો બોલતા હતા અને કહેવા લાગેલ કે ઢેઢા ગરોડા આ ખેતર છોડીને જતા રહેજો નહિતર જાનથી મારી નાંખશું. તેઓ રીક્ષામાં પોતાની ભાભીને દવાખાને લઈ ગયેલા

અને પોતાના ભત્રીજા હરેશને ફોન કરી બોલાવેલ.

૧૩. ફરીયાદીએ આંક – ૩૪ ની જુબાનીમાં કબુલ રાખેલ છે કે તેઓએ આરોપીઓ ઉપર લેન્ડ ગ્રેબીંગનો કેસ સને ૨૦૨૧ માં કરેલો, આરોપીઓના પિતાએ શરત ભંગ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કેસ કરેલ છે અને તે ચાલુ છે, આરોપીઓના નામનું વીજ કનેકશન તેઓની કહેવાતી જમીનમાં છે, એ વાત ખરી છે કે આરોપીના પિતાને આપેલી જમીનમાં તેઓ ૧૯૭૯ થી આજ સુધી ખેતી કરે છે, એ વાત ખરી છે કે આ બનાવ બાદ કોઈ બોલાચાલી થયેલી નથી, આરોપીઓ તેના ખેતરમાંથી ચાલે છે, આજુ બાજુ ઘણા ખેતરો આવેલા છે, એ વાત ખરી છે કે તે બોર બનાવેલ અને તે બોર હાલમાં ચાલુ છે.

૧૪. આરોપી તરફે આંક – ૭૬ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે અને તેમાં આરોપીઓ ઉપર વારંવાર કરવામાં આવેલી ફરીયાદોની ઝેરોક્ષ નકલો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમની નકલો સામેલ રાખેલ છે. આંક – ૮૩ નો નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમની નકલ જણાવે છે કે આરોપીઓની તરફેણમાં બનાવવાળા ખેતર અંગે એક હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલ છે.

૧૫. ફરીયાદપક્ષે રજુ થયેલ ફરીયાદી, તેના ભાભી અને ભત્રીજોના તમામ પુરાવા ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી અને સાહેદો એસ.સી.એસ.ટી. કેટેગરીમાં આવતા હોય અને માત્ર અને માત્ર તે કારણ સબબ જ તેઓનું અપમાન કરવાના ઈરાદે તેઓની સાથે પબ્લીક વ્યુહમાં તેઓના અપમાનનો બનાવ બનેલ હોય તેવો લેશ માત્ર પુરાવો નથી. જે જગ્યાએ કહેવાતો બનાવ બનેલ છે તે પબ્લીક વ્યુહ ધરાવતી જગ્યા નથી, ઈ.પી.કોડ કલમ ૨૯૪ બી અને ૫૦૬ (૨) ના તત્વો માટેના જે ચુકાદાઓ આ અદાલતે ઉપરોકત

પેરાઓમાં ટાંકેલ છે તેવા કોઈ તત્વો એસ્ટાબ્લીશ થતા નથી, તેવા સં જોગોમાં આરોપીઓ સામે ફરીયાદીનો રજુ થયેલ મૌખિક પુરાવો, ફરીયાદપક્ષે રજુ થયેલા અન્ય પુરાવા તથા કેસના સમગ્ર સંજોગો ઘ્યાને લ ેવામાં આવે તો હાલના કેસમાં ફરીયાદીની ફરીયાદ સામે વ્યાજબી શંકા ઉદભવતી હોય માત્ર ફરીયાદી કે જેનો પોતાનો પુરાવો કાયદાના તત્વોથી દૂર છે અને અને તપાસ કરનાર અધીકારી જે પોતે સ્થળ ઉપર હાજર ન હતા તેના પુરાવા ઉપર આધાર રાખી કોઈ સજા થઈ શકે નહી. તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક આપી, મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

(૧) આ કામે આરોપીઓને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે, શિહોરી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૯૮૭/૨૦૨૦, ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)આર એસ, ૩(૨),૫(અ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ અપીલ થશે તો હાજર રહેશે તે મતલબના રૂા.૧૦,૦૦૦/– દસ હજારના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સી.આર.પી.સી. કલમ ૪૩૭ એ મુજબના આપવાના રહેશે.

હુકમ આજરોજ તા.૨૫ મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૫/૦૩/૨૦૨૬

**(એસ.એમ.કાનાબાર)**
સ્પેશિયલ એટ્રો. જજ અને
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા એટ ડીસા.

Code No. GJ00814

PROCEEDINGS

| | |
|---|---|
| 25/3/2026 | Matter is listed |
| 96 | Judgment declared |
| | Disposed of accordingly |

(Shilpa Mansukhlal Kanabar)
6th Sessions Judge (Spl.Atro)
Banaskantha at Deesa
Code – GJ00814